**ડાયરેક્ટ ❤ સે**

જ્યારે આપણે
આપણા સંબંધો માટે
સમય નથી કાઢી શકતા
ત્યારે સમય
આપણી વચ્ચેથી
સંબંધને કાઢી નાખે છે

## જન્મદિને વધામણી



**જયેન્દ્રભાઈ પરીખ**
અગ્રણી સમાજસેવક
જુનિયર સિટિઝન કાઉન્સિલ
મો. ૯૪૦૯૫ ૩૩૩૧૩



**કલ્પેશ ઈશ્વરભાઈ નાયી**
મો. ૯૭૩૭૮ ૮૧૭૭૪



**જનકસિંહ આર બિહોલા**
મો. ૯૨૬૫૬ ૯૨૮૧૯

# એસ. કે. પટેલ સ્કૂલમાં બૂક માર્ક ડે ઉજવાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં બૂકમાર્ક ડેનો કાર્યક્રમ ઉજવાયો.જેમાં શિક્ષિકાઓએ બાળકો ને બૂકમાર્ક શું છે તેની સમજ આપી હતી. શિક્ષિકાઓ અને બાળકોએ સાથે મળીને બૂકમાર્ક બનાવી આ કાર્યક્રમ ઉત્સાહ સાથે ઉજવ્યો હતો.

### જનહિતની યોજનાઓ લોકો સુધી ઝડપથી પહોંચાડવા માટે સોશિયલ મીડિયા ઉપયોગી બની શકે

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા એક દિવસીય પરિસંવાદ

ગાંધીનગર, તા. ૧૩

નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગાંધીનગર દ્વારા રાજ્યભરના નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અધિકારીઓનો એક દિવસીય પરિસંવાદ ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ પરિસંવાદમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અધિકારીઓ સાથે સોશિયલ મીડિયા અને કમ્યુનિકેશન વિષય ઉપર વાર્તાલાપ કરતાં ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદીએ પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક્સ મીડિયાની સાથે ન્યૂ મીડિયાની અસરકારકતા અંગે વિગતવાર સમજ આપતાં જણાવ્યું હતું કે વિશ્વ જ્યારે કમ્યુનિકેશનના માધ્યમ દ્વારા ગ્લોબલ વિલેજ બન્યું છે ત્યારે વિવિધ માધ્યમોની જાણકારી અને તેનો ઉપયોગ વ્યક્તિના વિકાસ માટે અતિઆવશ્યક બાબત પૂરવાર થઈ શકે છે.

વિશ્વ ટેકનોલોજી દ્વારા વિકાસની ઊંચી ઉડાન ભરી રહ્યું છે ત્યારે દુનિયા સાથે કદમ મિલાવવા માટે ટેકનોલોજીથી અવગત બની સરકારના કર્મયોગીઓએ જનહિતની યોજનાકીય વાત જનતા સુધી શક્ય એટલી ત્વરાએ પહોંચાડવી જરૂરી છે. કમ્યુનિકેશનનાં વિવિધ નવતર માધ્યમો દ્વારા રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓને અને નિર્ણયોને અંતરિયાળ વિસ્તારના અદના નાગરિક સુધી પહોંચાડી તેમને જાગૃત કરી લાભ લેવા માટે પ્રેરિત કરવાનું સુગમ બન્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે માણસે કામમાંથી નિવૃત્ત થવાના બદલે નવી નવી બાબતો શીખવાની તમન્ના દ્વારા સતત પ્રવૃત્તિમય રહી સતત વિકસતાં રહેવું જોઈએ.

આ એક દિવસીય પરિસંવાદમાં સવારના સેશનમાં ડી વી ઝાલાવાડિયાએ સરકારના વિવિધ ફ્લેગશીપ કાર્યક્રમો અંગે, સમાજસુરક્ષા નિયામક પી વી ઠાકરે સામાજિક સુરક્ષા અંગે તેમજ લીડ બૅન્કના મૅનેજર જેનાવરે યુવા સાહસિકો માટે નવા રોજગાર-ધંધા શરૂ કરવા માટે અપાતી મુદ્રા યોજના અંતર્ગત લોન સહાય વિશે વિગતવાર જાણકારી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અધિકારી રજનીકાન્ત સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું. નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના સ્ટેટ ડિરેક્ટર અનિલકુમાર કૌશિક અને વિવિધ જિલ્લાના નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના અધિકારીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# એસજી - એસવી સ્કૂલમાં આદિવાસી નૃત્યની સ્પર્ધા



એસ. જી. - એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શુક્રવારે ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે આદિવાસી નૃત્યની સ્પર્ધાનું આયોજન થયું હતું. આ કાર્યક્રમમાં ધોરણ-૧ થી ૪નાં બાળકોએ અલગ અલગ રાજયના વેશ પરિધાન કરીને વિવિધ ડાન્સ રજૂ કર્યા હતા.

### અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# ચૌધરી કૉમર્સ કૉલેજમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓનો શપથવિધિ સમારોહ



ગાંધીનગર, તા. ૧૩

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓનો શપથવિધિ સમારોહ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થિનીઓ વચ્ચે ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌથી વધુ મત સાથે તૃતિય વર્ષની ગુજરાતી માધ્યમની વિદ્યાર્થિની મેશ્વા જીએસ તરીકે અને અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થિની રિધમ શ્રોફ વિજેતા જાહેર થઈ હતી.

આ ઉપરાંત કલાસ રિપ્રેઝન્ટેટીવ, કલ્ચરલ હેડ, મૅનેજમૅન્ટ હેડ અને સ્પોટ્ર્સ હેડની સ્ટુડન્ટ કાઉન્સિલમાં નિમણૂંક કરવામાં આવી હતી.

સંપૂર્ણ ચૂંટણી કાર્યક્રમ અને શપથવિધિ સમારોહ પ્રૉ. દિશા પોપટના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ ડૉ. પ્રકૃતિ જોષીએ કાર્યક્રમની સફળતા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ટ્રસ્ટી ગણ અને કૉલેજ વતી સૌ વિદ્યાર્થી પ્રતિનિધિઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ગાંધીનગર કૌશલ્ય ગૃપ દ્વારા ધાર્મિક પ્રવાસ



ગાંધીનગર કૌશલ્ય ગૃપ દ્વારા બે દીવસીય ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આબુ રોડ ખાતે સ્થિત બ્રહ્માકુમારીઝ કેન્દ્ર અને સુંધા માતાની મુલાકાત આ પ્રવાસમાં લેવામાં આવી હતી. બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે જાનકીદાદીએ પ્રવાસીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

## મુખ્યમંત્રી દ્વારા અશ્વસવાર પોલીસદળના ઈતિહાસના પુસ્તકનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યપ્રધાન વિજય રુપાણીએ પોલિસદળમાં અશ્વસવાર પોલીસદળના ઈતિહાસ અને ભાવિ આયોજન-મહત્તાને આવરી લેતાં પુસ્તક ''હિસ્ટ્રી એન્ડ ફયુચર ઓફ ધ માઉન્ટેડ પોલિસ ઈન ઈન્ડિયા-અ બ્રીફ નોટ''નું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું.

૨૦૧૪માં તત્કાલીન સીએમ નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં યોજાયેલી ૩૨મી ઓલ ઈન્ડિયા પોલીસ એક્વેસ્ટ્રિયન મીટના અવસરે અશ્વ અને ઘોડેસવારીના ઈતિહાસ, વીરતા અને ગતિ તથા શૌર્યની વિરાસતને પુસ્તક-ડોકયુમેન્ટ સ્વરૂપે આવનારી પેઢીઓ સમક્ષ મુકવાનો વિચાર આપ્યો હતો. તેના પ્રતિસાદરૂપે આ પુસ્તક લેખન માટેનો પ્રોજેક્ટ રક્ષાશક્તિ યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

### સરેરાશ લગભગ ૩ કરોડ લોકો આધારનો ઉપયોગ રોજ કરે છે

# આધાર સબસિડીને કારણે સરકારે ૯૦ હજાર કરોડની બચત કરી...!!

હૈદરાબાદ,તા.૧૨

આધાર કાર્ડ દ્વારા બેંકોને સીધી સબસિડી ટ્રાન્સફર કરવાની સુવધાના કારણે સરકારે ૯૦,૦૦૦ કરોડ રૂપિયાની બચત કરી છે. યૂનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)ના ચેરમેન જે. સત્યનારાયણએ કહ્યું કે, ભારતે આધારને ઉપયોગમાં લાવીને અત્યાર સુધી ૯૦,૦૦૦ કરોડ રૂપિયા બચાવી લીધા છે. 'ડિઝિટલ આઈડેન્ટિટી' પર આધારિત એક ઈન્ટરનેશનલ સંમેલનમાં તેમણે કહ્યું કે, એવરેજ લગભગ ૩ કરોડ લોકો આધારનો ઉપયોગ રોજ કરે છે. અને તેના ઉપયોગનું મુખ્ય કારણે કરિયાણું, પેન્શન, ગ્રામીણ રોજગાર અને શિશ્યવૃત્તિમાં થયો છે.

ત્રણ દિવસીય સંમેલનનું આયોજન ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસએ કર્યુ. સંમેલનમાં 'આધાર' પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું. સત્યનારાયણએ કહ્યું કે, પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ વિભાગ, ખાદ્ય અને લોક વિતરણ, ગ્રામીણ વિકાસ અને અન્ય વિભાગોને ૯૦,૦૦૦ કરોડથી વધારે રૂપિયાથી વધારેની બચત થઈ છે.

તેમણે કેટલાક ક્ષેત્રોમાં સંશોધન કરાવવાની જરૂરિયાત પર ભાર આપ્યો. તેમણે કહ્યું, અમે વધારે કુશળ બાયોમેટ્રિક તંત્ર, આધાર ઈકો તંત્ર, નામકરણની પ્રક્રિયામાં સુધારો, અપડેશન અને પ્રમાણીકરણ, ઓછા નેટવર્કવાળા વિસ્તારમાં કાર્યાન્વિત, ફ્રોડની જાણ થાય અને તેને રોકવા માટે કૃત્રિમ બુદ્ધિમત્તા તથા મશિન લર્નિંગનો ઉપયોગ કરવા માટે સંશોધનની જરૂર હશે.

મેલનનો ઉદ્દેશ્ય આઈએસબીમાં 'ડિઝિટલ આઈડેન્ટિટિ રિસર્ચ ઈનિશિએટિવ' દ્વારા કરાયેલા સંશોધન કાર્યોનું પ્રદર્શન કરવાનું છે. ડીરીનું સંશોધન મુખ્ય રૂપથી આધારને ધ્યાનમાં રાખીને તથા પારિસ્થિતિકી તંત્રને લાભ અને નુકશાનને જાણ લગાવવા પર નિર્ભર છે.

# મોદી સરકાર હવે સ્વાસ્થ્યનું આધાર કાર્ડ બનાવશે, સરકારી હોસ્પિટલોમાં માન્ય રખાશે

### યૂનિક હેલ્થ આઈડી દ્વારા દેશભરમાં ક્યાંય પણ દર્દીનો રેકોર્ડ ડોક્ટર જોઈ શકશે : મેડિકલ રેકોર્ડ્સ ખોવાઈ જવાનો ડર પૂરો થઈ જશે

ન્યુ દિલ્હી, તા.૧૨

આધાર કાર્ડ પર હવે સરકાર સ્વાસ્થ્યનું પણ આધાર બનાવવાની તૈયારી કરી રહી છે. રિપોર્ટ અનુસાર આ હેલ્થ આઈડીમાં દર્દીના જન્મથી લઈને અત્યાર સુધી થયેલી બિમારીઓમાં આપવામાં આવેલી દવાઓ, તપાસ રિપોર્ટ સહિત એમના સ્વાસ્થ્યથી જોડાયેલી બધી જાણકારીઓ હશે. યૂનિક હેલ્થ આઈડી દ્વારા દેશભરમાં ક્યાંય પણ દર્દીનો રેકોર્ડ ડોક્ટર જોઈ શકશે. યૂનિક હેલ્થ આઈડીને દેશભરની સરકારી હોસ્પિટલોમાં માન્ય કરવામાં આવશે. એનાથી મેડિકલ રેકોર્ડ્સ ખોવાઈ જવાનો ડર પૂરો થઈ જશે.

**સ્વાસ્થ્ય માટેનું આધાર કાર્ડ**

- તેમાં પ્રત્યેક યૂઝર માટે એક યૂનિટ ડિજીટલ હેલ્થ આઈડીની જોગવાઈ હશે.
- યૂઝરને રજિસ્ટ્રેશન બાદ એક ડિજીટલ હેલ્થ આઈડી મળશે જેનો ઉપયોગ સારવાર કરાવવા માટે સરકારી યોજનાઓનો લાભ લેવા માટે કરવામાં આવી શકે છે.
- એનાથી દરેક નાગિરકોનો હેલ્થ રેકોર્ડ રાખવામાં આવશે.
- આ આઈડી લેવા માટે વ્યક્તિને આધાર નંબર, પાન નંબર અથવા ઈલેકશન આઈડી આપવાની જરૂર પડી શકે છે.

**તેના ફાયદાઓ-**

- વિવિધ બિમારીઓનો ડેટા કોઈ એવા પ્લેટફોર્મ પર ઉપલબ્ધ નથી જેનાથી એવું જાણી શકાય કે કયા ક્ષેત્રમાં કઈ બિમારીનું જોખમ છે કારણ કે એની સારવારનો ઉપાય કરી શકાય.
- સરકારની આયુષ્માન ભારત જેવી યોજનાઓને લાગૂ કરવામાં મદદ મળશે.
- બિગડેટા એના લિસિસ જેવી ટેકનીકોનો ઉપયોગ પણ બિમારીઓના માટે કરી શકાશે.
- ડિજીટલ હેલ્થ આઈડીની સાથે સાથે એક નેશનલ હેલ્થ ઈલેક્ટ્રોનિક રજિસ્ટ્રીઝ, આયુષ્માન ભારત યોજના માટે કવરેજ એન્ડ કલેમ પ્લેટફોર્મ, વ્યક્તિ સ્વાસ્થ્ય રેકોર્ડ અને નેશનલ હેલ્થ એનાલિટિક્સ પ્લેટફોર્મ પણ હશે.

# રથયાત્રા : શરીરરૂપી રથને ભવસાગરમાં સારથી બની જાત્રા કરાવતા ભગવાન



પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

રથયાત્રા એક એવો તહેવાર છે કે જેમાં ખુદ ભગવાન પ્રજાના દર્શનાર્થે તેમની વચ્ચે જાય છે. આ યાત્રામાં મોટી સંખ્યામાં ભક્તજનો હાજર હોય છે. ઓરિસ્સાના પુરીમાં નિકળતી રથયાત્રામાં ભગવાન જગન્નાથ ,મોટા ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાના રથને વજનમાં હલકાં એવાં લિમડો અને નારિયેલના લાકડામાંથી બનાવવામાં આવે છે. ભગવાન જગન્નાથનો રથને 'નંદીઘોષ' (જેમાંથી આશિર્વાદ રૂપી અવાજ નીકળે છે તે) કહે છે જે ત્રણેય રથમાં ઉંચો હોય છે. લાલ અને પીળા રંગથી રંગેલા આ રથને લાકડાના સફેદ રંગના ચાર ઘોડા લગાવેલા હોય છે.૧૬ પૈડા અને વજન ૬૫ ટન વજન ધરાવતા તેમના રથની ઉંચાઈ ૪૫'-૬'' જેટલી અને પહોળાઈ ૩૪'-૬''/ ૩૪'-૬'' જેટલી હોય છે. તેના આગળના ભાગ ઉપર ગરુડની પ્રતિકૃતિ બેસાડેલ હોય છે. તે હંમેશા બલભદ્ર અને બહેન સુભદ્રાના રથની પાછળ હોય છે.બલભદ્રના રથને 'તલાધ્વજ' (શક્તિશાળી) કહે છે. ૪૫' ફૂટ ઉંચાઈ અને ૩૩'/૩૩' પહોળાઈ ધરાવતા આ રથને ૧૪ પૈડા રંગ લીલો અને લાલ હોય છે. તેમજ કાળા રંગના ઘોડા જોડેલા હોય છે. તેના અગ્રસ્થાને હનુમાનજી બેસાડેલ હોય છે. સુભદ્રાના રથને 'પદ્મધ્વજા ' (અભિમાનનો નાશ કરનાર) કહે છે જેની ઉંચાઈ ૪૪'-૬'', પહોળાઈ ૩૧'-૬''/૩૧'-૬'' છે જેનો રંગ કાળો અને લાલ હોય છે અને તેને ૧૨ પૈડા અને લાકડાના લાલ રંગના ઘોડા જોડાયેલ હોય છે. રથના છત્રનો રંગ લાલ, કાળો, પીળો અથવા લીલો હોય છે. આ રથ દર વર્ષે નવા બનાવવામાં આવે છે અને દર ૧૨ વર્ષે મૂર્તિઓ બદલવામાં આવે છે. પૌરાણોમાં એવું માનવામાં આવે છે કે રથમાં ભગવાનની જે મુર્તીઓ છે તે ભગવાન વિશ્વકર્માએ બનાવેલ હતી. રથ બનાવવાની શરૂઆત અખાત્રીજથી કરવામાં આવે છે. ત્રણેય રથ એકબીજાથી જુદા પાડવા માટે અલગ અલગ રીતે રંગવામાં અને શણગારવામાં આવે છે. પુરીમાં રથયાત્રાનો તહેવાર પુરા નવ દિવસ શ્રધ્ધા અને હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવે છે. આ વખતે ભગવાન જગન્નાથ તેમના વડીલ ભાઈ બલદેવ અને નાની બહેન દેવી સુભદ્રા સાથે પુરીના શ્રી મંદિરમાંથી બહાર આવે છે .અને નવ દિવસ માટે તેમના મોસાળ શ્રી ગુંડિચા મંદિરમાં જાય છે. ત્રણેય દેવતાઓ રથમાં બેઠા પછી છીર પંપહારાની વિધિ શરૂ થાય છે. પુરીના રાજા તેમના મહેલથી શણગારેલ પાલખીમાં બેસી મંદિરમાં આવી તેમની સાથે લાવેલ સોનાની સાવરણીથી ભગવાનને જવાનો રસ્તો સાફ કરે છે આ એક સાંકેતિક વિધિ છે જેમાં ભગવાનની સમક્ષ રાજા કે પ્રજા સમાન છે અને બધા જ ભગવાનના સેવકો છે.



પ્રાચીન સમયથી જ પુરીનું આધ્યાત્મિકને ધાર્મિક મહત્વ છે. એક માન્યતા પ્રમાણે આદિ શંકરાચાર્યએ અહિં ગોવર્ધન પીઠ સ્થાપિત કર્યુ હતું. સંતો અને મહાત્માઓના અહિં મઠ આવેલા છે. કહેવાય છે કે તેત્રા યુગમાં રામેશ્વર પાવનકારી ધામ હતું, દ્વાપર યુગમાં દ્વારિકા અને કલિયુગમાં જગન્નાથપુરી કલ્યાણકારી છે. કદાચ, જગન્નાથ પૂરીનું મંદિર વિશ્વનું એકમાત્ર મંદિર છે, જેમાં ત્રણ દેવતાઓ રૂપે બે ભાઈઓ અને દેવી શક્તિરૂપે બહેનની મૂર્તિઓ છે.

એવું માનવામાં આવે છે કે જે લોકો રથ ખેંચવામાં મદદ કરે છે તેને મોક્ષની પ્રાપ્તિ થાય છે. હજારો વર્ષોથી નિકળતી રથયાત્રાની સૌથી વધુ આધ્યાત્મિક વસ્તુ એ છે કે તેની ઉજવણી જ્યારે શરૂઆત થયેલ તે તમામ વિધિઓને અનુસરે છે. તે બ્રહ્મની તેમના મોસાળ જવાની યાત્રા છે. ભલે તે હિન્દુ ધર્મનો તહેવાર છે પણ તેમાં વૈષ્ણવવાદ, સૈવિવાદ, શક્તિવાદ, બૌદ્ધ ધર્મ અને જૈન સંપ્રદાયના ઘણા સામાન્ય પાસાઓ છે. કથા ઉપનિષદમાં તેનું આધ્યાત્મિક મહત્વ સમજાવતાં કીધું છે કે ' આ માનવ શરીરરૂપી રથને આ ભવસાગરમાં ભગવાન પોતે સારથી બની જાત્રા કરાવે છે. રથના પૈડાઓ એ વીરતા અને ઘોડો એ દ્રઢતાનું પ્રતિક છે. જેમાં ઉત્સાહ, આત્મ શિસ્ત, સહિષ્ણુતા, દાન અને સારાનરસા ભેદભાવ પારખવાની શક્તિ છે અને દયા, સમભાવના અને ક્ષમાની દોર છે. રથ યાત્રાની શરૂઆત સાથે સંબંધિત કેટલીક પૌરાણિક વાર્તાઓ અસ્તિત્વમાં છે જે જે તે પ્રદેશના લોકોની સામાજિક-ધાર્મિક વિચારસરણી અને માન્યતાઓને આધારે ઘડાયેલ છે. એક વાયકા પ્રમાણે ભગવાન કૃષ્ણ અને બલરામને મારવા માટે, તેમના મામા કંસે તેમને મથુરામાં આમંત્રણ આપ્યું. કંસે અકુરને ગોકુલ રથ સાથે મોકલ્યો. કૃષ્ણ, ભાઈ બલરામ સાથે રથમાં પર બેઠા હતા અને મથુરા જઈને દૃષ્ટ કંસને હરાવ્યો તેના માનમાં ભક્તો રથ યાત્રાની ઉજવે છે. અન્ય એક વાત પ્રમાણે દ્વારકામાં જ્યારે ભગવાન કૃષ્ણ અને બલરામ પોતાની બહેન સુભદ્રાને શહેરનો વૈભવ બતાવવા માટે રથ પર સવારી કરી અને બહાર આવી ભકતોને દર્શન આપ્યા એ દિવસની ઉજવણી કરે છે. કોઈ કહે છે કે ભગવાન કૃષ્ણને આંખો આવી હતી તેથી તેમની આંખે પાટા બાંધવામાં આવેલ તે દરમિયાન ભગવાન ભક્તોને દર્શન આપી ન શક્યા તેથી તે ખુદ રથ ઉપર સવાર થઈ ભક્તોને દર્શન આપવા નીકળે છે અને તેમના મોસાળમાં જઈ આરામ ફરમાવે છે. લોકોની જે જે માન્યતાઓ છે તે ચાલવા દઈએ પણ અષાઢ સુદ બીજના દિવસે અમદાવાદમાં નીકળતી આ ૧૪૧મી રથયાત્રા અને પુરીના આ લોકોત્સવને શ્રધ્ધા, ભક્તિભાવ અને કોમી એખલાસ સાથે ઉજવીએ.